**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - ૦૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

લોકો જીવતા હોય ત્યાં સુધી અહીં કોસતા હોય છે, માણસ સારો હતો એ સાંભળવા માટે મરવું પડે છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૮૧ ● તારીખઃ ૧૩.૦૯.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# નવી દિલ્હીમાં BRICS સમિટનો પ્રારંભઃ પહેલગામ આતંકી હુમલાની સખત નિંદા કરાતી 'નવી દિલ્હી ઘોષણા' સર્વસંમતિથી મંજૂર

## ભારતની મોટી રાજદ્વારી સફળતાઃ પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે ઈરાન-UAE જેવા દેશોના મતભેદો છતાં સભ્ય દેશો સંયુક્ત નિવેદન પર સહમત થયા














**સમય સંદેશઃ નવીદિલ્હી**

નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ૧૮મી BRICS સમિટ ૨૦૨૬નો ઔપચારિક પ્રારંભ થયો છે. ભારત માટે એક મોટી રાજદ્વારી સફળતા તરીકે તમામ સભ્ય દેશોએ પશ્ચિમ એશિયાના વધતા તણાવ અને ઈરાન તથા UAE વચ્ચેના મતભેદો છતાં દ્વિપક્ષીય વાતચીત બાદ 'નવી દિલ્હી ઘોષણા'ને સર્વસંમતિથી મંજૂરી આપી દીધી છે. આ સમિટ દરમિયાન PM મોદીએ બદલાતી દુનિયા સાથે વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો તેમજ BRICS દેશો માટે આગામી ૨૦ વર્ષનો નવો એજન્ડા તૈયાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

બ્રિક્સ દેશોએ ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે અને આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ પર ભાર મૂક્યો છે. સભ્ય દેશોએ સરહદ પાર આતંકવાદ, આતંકી સંગઠનોનું ફંડિંગ રોકવા અને તેમને સુરક્ષિત આશ્રય આપનારાઓ સામે સામૂહિક કાર્યવાહી કરવા પર સહમતિ દર્શાવી છે. આ ઉપરાંત, આતંકવાદને કોઈ ચોક્કસ ધર્મ, રાષ્ટ્રીયતા કે સમુદાય સાથે ન જોડવા અને સંયુક્ત રાષ્ટ્રની આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી સંધિને ઝડપથી અપનાવવા માગ કરવામાં આવી છે.

સમિટ દરમિયાન વૈશ્વિક આર્થિક અને તકનીકી મુદ્દાઓ પર પણ ગહન ચર્ચા થઈ હતી. સભ્ય દેશોએ એકતરફી ટેરિફ અને વ્યાપારી પ્રતિબંધો સામે ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રાલયના સચિવ સુધાકર દલેલાએ સ્પષ્ટ કર્યું હતું કે BRICSનું પોતાનું કોઈ સામાન્ય ચલણ શરૂ કરવાનો હાલ પ્રસ્તાવ નથી, પરંતુ વેપાર ખર્ચ ઘટાડવા સ્થાનિક ચલણમાં જ લેવડદેવડ મજબૂત બનાવાશે. PM મોદીએ AI, સાયબર અને બાયોટેકનોલોજીના નિયમો નક્કી કરવામાં ગ્લોબલ સાઉથના દેશોની સમાન ભાગીદારી તથા ફસાયેલા નાવિકો માટે ઇમરજન્સી નેટવર્ક ઊભું કરવા હાકલ કરી હતી.

BRICS સમિટના પ્રથમ દિવસે તમામ વૈશ્વિક નેતાઓએ ભારત મંડપમ ખાતે 'ભારત ઇનોવેટ્સ પ્રદર્શન' નિહાળ્યું હતું અને લોનમાં એકસાથે છોડ રોપીને ગ્રુપ ફોટો પડાવ્યો હતો. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ૭ વર્ષ બાદ ભારત આવ્યા છે, જેમનું સ્વાગત PM મોદીએ રામેશ્વરમના પ્રસિદ્ધ રામનાથસ્વામી મંદિરની પ્રતિકૃતિ

**અનુ પાના નં.૨ પર**

# ગાંધીનગર અને સચિવાલયને બોમ્બની ધમકી આપવાના મામલે મોટી સફળતાઃ સાયબર ટીમે ઝારખંડના દેવઘરમાંથી આરોપીને દબોચ્યો

## BRICS સંમેલન દરમિયાન અન્ય દેશો અને ભારત સમર્થક દેશોને પણ ધમકી આપ્યાનું ખુલ્યુંઃ સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન પૂછપરછ શરૂ

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગાંધીનગર અને સચિવાલય જેવા અતિ સંવેદનશીલ સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા જ રાજ્યની સુરક્ષા એજન્સીઓ અને પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. ધમકીની માહિતી મળતાની સાથે જ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. આ કિસ્સામાં સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે અત્યાધુનિક ટેકનિકલ એનાલિસિસ અને ચોક્કસ માહિતીના આધારે ઝડપી કામગીરી હાથ ધરી હતી, જેના આધારે તપાસના તાર ઝારખંડ સુધી લંબાયા હતા. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની વિશિષ્ટ ટીમે ઝારખંડના દેવઘર ખાતે દરોડો પાડી ધમકી આપનાર મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે. તપાસ દરમિયાન અત્યંત ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે કે

**અનુ પાના નં.૨ પર**

# મુખ્યમંત્રીએ પાટનગરને આપી ૧,૮૪૮ કરોડના કામોની ભેટ; ૪૮.૨૬ કરોડના નવા કામોની જાહેરાત



**સમય સંદેશઃ ગાંધીનગર**

રાજ્યના પાટનગરમાં વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારો માટે રૂ. ૧,૮૪૮ કરોડના જનહિતલક્ષી વિકાસ કામોની ભેટ આપી. આ સાથે જ નાગરિકોની સુવિધામાં વધારો કરવા માટે રૂ. ૪૮.૨૬ કરોડના નવા આઇકોનિક કામોની મહત્વપૂર્ણ જાહેરાત પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાના રૂ. ૭૯૮ કરોડ તેમજ માર્ગ અને મકાન વિભાગના રૂ. ૧,૦૫૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ સિવાય જાહેર પરિવહન સેવાને વધુ

**અનુ પાના નં.૨ પર**

# હવામાન વિભાગની ગંભીર ચેતવણીઃ આજે દેશના ૨૫ રાજ્યોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની શક્યતા

## ગુજરાત સહિત પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને વિજળીના કડાકા-ભડાકાનો ભયઃ ડાંગ, નવસારી અને વલસાડમાં ઓરેન્જ એલર્ટ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

હવામાન વિભાગ દ્વારા આજ ૧૩ સપ્ટેમ્બરના રોજ દેશભરમાં ચોમાસાની તીવ્રતા વધવાની સાથે જ ભારે વરસાદ અને વાવાઝોડાની ગંભીર ચેતવણી જારી કરવામાં આવી છે. આ આગાહી મુજબ દેશના ૨૫ જેટલા રાજ્યોમાં ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવાની અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશમાં વાવાઝોડાથી લોકોની પરેશાની વધી શકે છે, જ્યારે પહાડી રાજ્યો માટે ભૂસ્ખલનની ચેતવણી આપવામાં આવી છે.

દેશવ્યાપી આગાહીમાં ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના રાજ્યોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ વાવાઝોડા સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત જમ્મુ-કાશ્મીરના અનંતનાગ, જમ્મુ, પૂંચ, બારામુલ્લા, કિશ્તવાડ અને રાજૌરી સહિતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ અને તીવ્ર પવનનું સંકટ તોળાઈ રહ્યું છે. ગુજરાત રાજ્યની વાત કરીએ તો ૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. આવતીકાલે ૧૩ સપ્ટેમ્બરે ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં અત્યંત ભારે વરસાદ પડી શકે છે. આ સિવાય અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત, તાપી, નર્મદા અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. પૂર્વીય અને દક્ષિણના રાજ્યો જેવાં કે આસામ, મેઘાલય, ત્રિપુરા, મણિપુર, કેરળ, તેલંગાણા અને તમિલનાડુમાં પણ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદનો ભય સેવાઈ રહ્યો છે. હવામાન વિભાગે પહાડી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવા અને વાવાઝોડા દરમિયાન સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવા અપીલ કરી છે. વરસાદ અને તીવ્ર પવનને પગલે વાહનવ્યવહાર તથા દૈનિક પ્રવૃત્તિઓ પર અસર પડવાની પૂરી શક્યતા છે.

# લાલપુર પંથકમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ

**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર પંથકમાં કાગડોળે વરસાદની રાહ જોતાં ખેડૂતો માટે રાહત સમાન આજે સતત બીજા દિવસે પણ મેઘાવી મહોલ છવાયો હતો. લાલપુર નજીકના ભણગોર અને આજુબાજુના ગામોમાં વરસાદને લઇ બજારોમાંથી પાણી વહ્યા હતા. આથી ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો હતો.

લાલપુર તાલુકાના ઘણા ગામોમાં આજે સતત બીજા દિવસે પણ મેઘાવી માહોલ જોવા મળતા ખેડૂતોના ચહેરા પર સ્મિત છવાયું છે. તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ



લાલપુરના પડાણા, મોડપર આજુબાજુના ગામોમાં એક એક ઈંચ જેટલો વરસાદ નોંધાતા મુરજાતિ મોલાતોને નવજીવન મળ્યા બાદ આજે તા.૧૧ સપ્ટેમ્બરના રોજ સાંજે ૪ વાગ્યા બાદ ભણગોર, સણોસરી, દેવરિયા, જોગરા, બબરઝર, ગોવાણા, ટેભડામાં ગોરંભાયેલા વાદળો વચ્ચે વતાઓછા પ્રમાણમાં પાણી વરસ્યું હતું.

સૌથી વધૂ ભણગોર ગામમાં વરસાદ પડતાં બજારોમાં પાણી ભરાયા હતા. જો કે, લાંબા સમયથી પંથકમાં વરસાદની ઘટ હવાથી ખેતરોમાંથી પાણી બહાર નીકળ્યા

**અનુ પાના નં.૨ પર**

# જામનગર જિલ્લા અદાલતમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજનઃ ૩,૭૯૬ કેસોનો સફળ નિકાલ

## પક્ષકારો વચ્ચે પરસ્પર સમાધાનથી રૂ. ૧૧.૬૭ કરોડથી વધુના એવોર્ડનું સેટલમેન્ટ, વર્ષો જૂની કડવાશનો આવ્યો અંત




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરઃ નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગર દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જામનગર જિલ્લા અદાલત તથા તાબાની તમામ તાલુકા અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઈ/ચાર્જ અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ વી. પી. અગ્રવાલ તથા સચિવ અનિકેત શુકલના નેતૃત્વ હેઠળ આયોજિત આ લોક અદાલતમાં આશરે ૨૦ જેટલા જ્યુડિશિયલ ઓફિસરોએ ભાગ લીધો હતો. પક્ષકારો વચ્ચે પરસ્પર સમજાવટ અને સમાધાન દ્વારા કેસોના ઝડપી નિકાલ માટે આ લોક અદાલત આશીર્વાદરૂપ સાબિત થઈ હતી. આ રાષ્ટ્રીય લોક અદાલતમાં બેંકિંગ સંસ્થાઓ, ફાઈનાન્સ કંપનીઓ, પીજીવીસીએલ અને ટ્રાફિક પોલીસ સહિતની ૧૫ જેટલી સંસ્થાઓ જોડાઈ હતી. જેમાં ફોજદારી સમાધાનપાત્ર કેસો, ચેક રિટર્નના દાવા, મોટર અકસ્માત વળતર (ખઅઈડ), બેંક રિકવરી, કૌટુંબિક તથા લગ્ન વિષયક તકરારો, વીજ-પાણીના બિલ અને અન્ય સિવિલ કેસો સહિતના વિવિધ મુદ્દાઓ નિકાલ માટે મૂકવામાં આવ્યા હતા. તમામ અદાલતોમાં ન્યાયાધીશો અને વકીલોની મધ્યસ્થતાથી પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન સાધવામાં આવ્યું હતું. સમગ્ર લોક અદાલત દરમિયાન કુલ ૩,૭૯૬ કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રિલિટિગેશન કેસોમાં રૂ. ૧ કરોડ ૬૦ લાખ ૬૩ હજાર ૯૩૦નું સેટલમેન્ટ થયું હતું, જ્યારે લોક અદાલતમાં પેન્ડિંગ કેસોમાં રૂ. ૧૦ કરોડ ૦૬ લાખ ૯૧ હજાર ૧૧૯નો એવોર્ડ મંજૂર કરાયો હતો. આમ, રાષ્ટ્રીય લોક

**અનુ પાના નં.૨ પર**

# મહાવીરનગરમાં ગટરની કુંડીમાંથી નવજાત શિશુ મૃત હાલતમાં મળતા ચકચારઃ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડ્યો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મહાવીરનગર વિસ્તારમાં ગટરની કુંડીમાંથી એક અજાણ્યું નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે જાણ થતાં જ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વિપુલસિંહ ડોડીયા સહિતનો પોલીસ કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. પ્રાથમિક તપાસ મુજબ કોઈ અજાણી મહિલા પોતાનું નવજાત શિશુ

**અનુ પાના નં.૨ પર**

# ગોરીંજી-વાચ્છુ પંથકકમાં દીપડાની લટાર : ગ્રામજનોમાં ફેલાયો ફફડાટ

**સમય સંદેશઃ જામનગર**

ગોરીંજા અને વાચ્છુ ગામના આસપાસના વિસ્તારોમાં દીપડાની અવરજવર જોવા મળતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. મોડી રાત્રે દીપડો આંટાફેરા મારતો નજરે પડતાં સ્થાનિક વ્યક્તિએ સમગ્ર હિલચાલને મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. દીપડાનો વીડિયો સામે આવ્યા બાદ પંથકમાં ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

**અનુ પાના નં.૨ પર**




## તંત્રી સ્થાનેથી..

### વિનિમયની વણઝાર !

સ્થાનિક રીતે ભલે વિરોધ કે અસહમતી હોય પણ આંકડા તો એ જ સાબિત કરે છે કે ત્રીજી મુદત સુધી પણ સળંગ ચાલી આવતી સ્થિર સરકારને કારણે ભારતની આર્થિક નીતિઓમાં સ્થિરતા આવી છે. દુનિયાને ખાતરી છે કે ભારત તેની વાણિજ્ય તરફી નીતિઓ ચાલુ રાખશે, આ રાજકીય નિશ્ચિંતતા વિદેશી રોકાણકારો માટે મહત્વપૂર્ણ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલાઈઝેશન અને મેન્યુફેક્ચરિંગને મજબૂત કરવાના મિસ્ટર મોદીના વહીવટીતંત્રના પ્રયાસોએ ભારતને રોકાણ માટે અત્યંત આકર્ષક દેશ તરીકે સ્થાન આપ્યું છે. નિર્મલા તરફ પ્રવર્તમાન સંયોગોમાં બજેટને કારણે અને હવે શરૂ થયેલા નવા વિવાદને લઈને બહુધા ભારતીયો ખુશ નથી એ અલગ બાબત છે. ભારતના વિકાસનું મોડેલ દુનિયાના ઘણા દેશોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યું છે, કારણ કે કેટલાક ઉત્પાદનોમાં ભારત સતત ચીનને પાછળ રાખી રહ્યું છે. ભારતનો જીડીપી પાછલા ક્વાર્ટરમાં વધ્યો, જે ચીન કરતા ઘણો વધારે કહેવાય. આઈએમએફ જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓનો અંદાજ છે કે ઈ. સ. ૨૦૨૮ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે, જે દેશના શેરબજારના લાંબા ગાળાના આકર્ષણમાં વધારો કરશે. પરિણામે, એમએસસીઆઈ ઈમર્જિંગ માર્કેટ્સ ઈન્ડેક્સ જેવા વૈશ્વિક સૂચકાંકોમાં ભારતનું વજન વધ્યું છે, જે ઘણીવાર ચીનને પાછળ છોડી દે છે. આ પરિવર્તને સંસ્થાકીય રોકાણકારોને આકર્ષ્યા છે, જેણે વિદેશી મૂડી પ્રવાહને વધુ પ્રોત્સાહન આપ્યું છે. અન્ય ઊભરતાં બજારોની સરખામણીમાં ભારતીય ઈક્વિટી પ્રમાણમાં મોંઘી હોઈ શકે છે, પરંતુ તેનું એક સારું કારણ છે. ભારતના નિફ્ટી ૫૦ ઈન્ડેક્સનો પ્રાઈસ-ટુ-અનગ રેશિયો લગભગ ૨૧ ગણો છે, જે તેની ૧૦ વર્ષની સરેરાશ કરતાં ૧૮ ગણો વધારે છે. આ ઊંચા મૂલ્યાંકન છતાં, મજબૂત કોર્પોરેટ કમાણી અને હકારાત્મક આર્થિક સ્થિતિ રોકાણકારોના વિશ્વાસને સમર્થન આપવાનું ચાલુ રાખે છે. રોકાણકારો ભારતીય શેરો માટે પ્રીમિયમ ચૂકવવા તૈયાર છે કારણ કે દેશની વૃદ્ધિની સંભાવના મોટા ભાગના ઊભરતાં બજારો કરતાં વધુ મજબૂત માનવામાં આવે છે. ભારત પ્રારંભિક પબ્લિક ઓફરિંગ માટેના હબ તરીકે ઉભરી આવ્યું છે, જેના કારણે તે આ ત્રિમાસિક ગાળામાં સૌથી વ્યસ્ત આઈપીઓ માર્કેટ બની ગયું છે. પબ્લિક લિસ્ટિંગમાં આ વધારો ઝડપથી વિકસતા પ્રાથમિક બજારમાં પ્રવેશવા ચાહતા વિદેશી રોકાણકારો માટે નવી તકો ઊભી કરી રહ્યો છે. નાના આઈપીઓ એ ભંડોળ ઊભુ કરવાના લેન્ડસ્કેપમાં અત્યાર સુધી પ્રભુત્વ જમાવ્યું છે.



## હાલારના હાલહવાલ



## ખંભાળીયાના પ્રખ્યાત શિરેશ્વર લોકમેળાનો કાલથી પ્રારંભ

### સાંસદ, ધારાસભ્યના હસ્તે ચાર દિવસીય લોકમેળો ખુલ્લો મુકાશે

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નજીકના શક્તિનગર વિસ્તાર પાસે આવેલા શિરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં આગામી તારીખ ૧૪ મી થી ચાર દિવસ પરંપરાગત એવા રખ પાંચમના લોકમેળાનો પ્રારંભ થશે. અહીંના સાંસદ, ધારાસભ્ય વિગેરે મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં આ લોકમેળાને ખુલ્લો મુકવામાં આવશે.



ખંભાળિયા શહેર નજીકના શક્તિનગર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા શ્રી શિરેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ ત્રીજ થી છઠ સુધી ચાર દિવસના પરંપરાગત લોકમેળા યોજવામાં આવ્યા છે. આ લોકમેળાને અહીંના રાજ્યસભાના સાંસદ જીતેન્દ્રભાઈ કણજારીયા, લોકસભાના સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય મુળુભાઈ બેરાના હસ્તે સોમવારે વિધિવત રીતે ખુલ્લો મુકવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે શીરૂતળાવના આ લોકમેળા રખ પાંચમના મેળા તરીકે ઓળખાય છે. જેને મીની તરણેતરના મેળા જેવી ખ્યાતી મળવા પામી છે. ખંભાળિયામાં શ્રાવણી લોકમેળા યોજાતા નથી. ત્યારે શીરુતળાવના આ લોકમેળા ફક્ત જિલ્લાના મેળા શોખીનો માટે જ નહીં, પરંતુ આસપાસના વિસ્તારના લોકો માટે પણ ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. અહીં સમગ્ર રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી આવતી વિવિધ પ્રકારની રાઈડ્સ તેમજ મનોરંજનના સાધનો, ખાણીપીણીના સ્ટોલ, તેમજ રમકડા વિગેરેને લોકો મન ભરીને માણે છે. એક અંદાજ મુજબ આ ચાર દિવસના લોકમેળામાં આશરે ત્રણથી ચાર લાખ જેટલા લોકો મોજ માણવા આવે છે.

## ખંભાળીયા પોલીસે બસમાંથી વિદેશી દારૂ સાથે એક આરોપીને ઝડપી લીધો



**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચનાના અનુસંધાને ખંભાળિયા પોલીસ સ્ટેશનના પી.આઈ. સી.આર. રાણાના માર્ગદર્શન હેઠળ શુક્રવારે સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે સુરતથી ખંભાળિયા તરફ આવતી સમય ટ્રાવેલ્સની બસને જૂના આર.ટી.ઓ. સર્કલ પાસે બ્રિજ નીચે જાહેર રોડ પર રોકી તપાસ કરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન બસમાંથી કાના નથુભાઈ ભોચિયા (ઉ.વ. ૨૩, રહે. રણજીતપુર, તા. કલ્યાણપુર)ના કબજામાંથી વિદેશી દારૂના રૂપિયા ૧૬,૦૭૪ ની કિંમતના સીલપેક ૯૪ ચપલા અને રૂ. ૧૦,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૨૬,૦૭૪નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પી.એસ.આઈ. જે.ટી. ચાવડા તથા સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ જોડાયા હતા. પ્રાથમિક તપાસમાં દારૂ સુરતથી ખંભાળિયા તરફ લાવવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું છે.

આ બનાવમાં આરોપી કાના નથુભાઈ ભોચિયાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે સુરત જિલ્લાના માંડવી તાલુકાનો આશિષ ચૌધરી નામનો શખ્સ પણ સંડોવાયેલો હોવાનું જાહેર થયું છે. જેથી પોલીસે ગુનો નોંધી, આરોપી આશિષને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ સમગ્ર કાર્યવાહી પોલીસ સ્ટાફના જેઠાભાઈ પરમાર અને અરજણભાઈ આંબલીયાની બાતમીના આધારે કરવામાં આવી હતી.

## ખંભાળીયામાં અમાસ નિમિત્તે શિવ મંદિરોમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં ગઈકાલે શુક્રવારે પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે શહેરના જુદા જુદા શિવ મંદિરોમાં પૂજન-અર્ચન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. આ બાબતને ધ્યાનમાં લઈને શુક્રવારે સવારથી જ જામ ખંભાળિયા નગરપાલિકાના સેનીટેશન સમિતિના ચેરમેન પુષ્પાબેન મોહિતભાઈ વાઘેલા દ્વારા જાતે સફાઈ કામદારોની ખાસ ટીમને સાથે રાખીને જુદા જુદા વિસ્તારોમાં આવેલા શિવાલયોની આસપાસના વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશની કામગીરી કરવામાં આવી હતી. જેમાં મંદિરોની આજુબાજુના વિસ્તારોમાંથી કચરાના ઢગલાને ખાસ વાહનો મારફત નિકાલની કામગીરી હાથ ધરી, આ વિસ્તારોને ચોખ્ખા ચણક બનાવવામાં આવ્યા હતા.




**नाम में बदलाव**

इसके ज़रिए यह बताया और घोषित किया जा रहा है कि मैंने अपने नाम में सुधार किया है; अब मेरा नाम 'SINGH SW-Y-MPR-K-SH' से बदलकर 'Swayam Prakash' हो गया है, कृपया इसे नोट कर लें और ध्यान दें.
पता: बंशीधारी सिंह, प्लॉट नंबर 19(A), गायत्री मंदिर रोड, एयर फ़ोर्स स्टेशन 1 रोड के पास, डिगजाम वूलन मिल, डिफेंस कॉलोनी जामनगर शहर, पोस्ट ऑफिस: खोडियार कॉलोनी, ज़िला: जामनगर, गुजरात 361006


## દ્વારકા હાઈવે પર કાર ચાલકની બેદરકારીથી બાઈક અકસ્માતઃ ત્રણ યુવાનોને ઈજા

**સમય સંદેશઃ દ્વારકા**

ગત તારીખ ૫ ના રોજ દ્વારકા-પોરબંદર હાઈવે પર ઓખા મઢી ટોલનાકાથી થોડે દૂર સર્જાયેલા અકસ્માતમાં જી.જે. ૧૦ .એમ. ૭૮૭૮ નંબરની કિયા કારના ચાલકે અકસ્માત થાય તે રીતે અડચણરૂપ પોતાનું વાહન રાખ્યું હતું. જે દરમિયાન આ માર્ગ પર મોટરસાયકલ નંબર જી.જે. ૧૧ સી.આર. ૩૬૦૦ પર બેસીને જઈ રહેલા વંશ કિશોરભાઈ સોલંકી અને તેની સાથે જઈ રહેલા ક્રિશ અજયભાઈ સોલંકીને ફ્રેક્ચર સહિતની નાની-મોટી ઇજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. જ્યારે અન્ય એક યુવાન કનીસ રવિભાઈ સોલંકીને હેમરેજ જેવી ગંભીર ઈજાઓ થતા વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે કિશોરભાઈ નવીનભાઈ સોલંકીની ફરિયાદના આધારે દ્વારકા પોલીસ મથકે કારમાં ચાલક સામે બી.એન.એસ. અને એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે કારચાલકની ઓળખ કરી, વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પતિએ વાતચીત કરવાની ના પાડતા દ્વારકાની પરિણીતાએ જિંદગી ટૂંકાવી

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતી અને માંડણભા જેઠાભા સુમણીયાની ૨૭ વર્ષની પરિણીત પુત્રી ધીબાઈ નંઢાભા ઉદુભા માણેકએ પોતાના ઘરે ટોયલેટમાં જઈને એસિડની બોટલમાંથી પોતાના હાથે એસિડ પી લેતા તેમને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. મૃતક ધીબાઈ માણેકને તેમના પતિ સાથે કોઈ બાબતે વાતચીત કરવી હોય, પરંતુ તેણીના પતિ કામ કરવાના લીધે થાકી ગયેલા હોવાથી તેમણે વાતો કરવાની ના કહી હતી અને સૂઈ ગયા હતા. જે બાબતે તેણીને ખોટું લાગતા ઉપરોક્ત પગલું ભર્યું હોવાથી અંગેની જાણ મૃતકના માતા સીતાબેન માંડણભા સુમણીયાએ દ્વારકા પોલીસને કરી છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### ગણેશ મહોત્સવ

(પાના નં. ૪ થી આગળ)

મોર અને વડલો જેવી રાષ્ટ્રીય પ્રતીકોની કલાકૃતિઓ સાથે 'રાષ્ટ્ર થીમ' પર આયોજન કરાયું છે. અગાઉ ભાખરી, લાડુ અને અગરબત્તી જેવા વિવિધ ૮ ગિનીઝ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ ધરાવતા આ ગ્રુપ દ્વારા તા. ૧૮ના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યે મહાઆરતી યોજાશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા કેવલસિંહ રાણા, દિલીપભાઇ વોરલીયા, નિલેષસિંહ પરમાર, કલ્પેશ અને સતીશ વાડોલીયા, પ્રિયંક શાહ, યોગેશભાઈ કણજારિયા સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

બીજી તરફ, ગણેશ વિસર્જન દરમિયાન પર્યાવરણની જાળવણી થાય તે માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા વિશેષ વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ શાખા દ્વારા સમર્પણ સર્કલથી બાયપાસ ચોકડી તરફ એરપોર્ટ રોડ પર તથા લાલપુર બાયપાસથી રણજીત સાગર રોડ પર સરદાર રિવેરા સોસાયટી પાસે ૫૦ મીટર લાંબા, ૨૦ મીટર પહોળા અને ૧૦ ફૂટ ઊંડા બે કૃત્રિમ વિસર્જન કુંડ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ભક્તો માટે સ્થળ પર પૂજા-આરતી, પીવાનું પાણી, લાઈટિંગ અને પાર્કિંગની સુવિધા ઊભી કરાશે. કમિશનર દીપેશ કેડિયા, ડીએમસી દેવેન્દ્રસિંહ ઝાલા અને આસિસ્ટન્ટ કમિશનર ભાવેશ જાનીની આગેવાની હેઠળની ટીમ દ્વારા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને નક્કી કરાયેલા આ કુંડમાં જ મૂર્તિ વિસર્જન કરવા અપીલ કરાઈ છે.

### હાપા રેલવે સ્ટેશન

(પાના નં. ૪ થી આગળ)

મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમને પણ જાણ કરવામાં આવી હતી. જોકે ફાયર ટીમ હાપા પહોંચે તે પહેલાં જ મહિલાએ થાંભલા પરથી નીચે પટકાઈ જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે રેલવે પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ મહિલાનો મૃતદેહ તેમના વતન મોકલવાની કાર્યવાહી માટે તેમની સાથે આવેલી બંને મહિલાઓને સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### બાકી મિલ્કત

(પાના નં. ૪ થી આગળ)

દિવસોમાં પણ બાકી મિલકતવેરા સામે વધુ કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે અને મિલકતધારકોને બાકી વેરો તાત્કાલિક ભરપાઈ કરી કાર્યવાહીથી બચવા અપીલ કરવામાં આવી છે. કામગીરી કમિશનરની સૂચના તથા આસીસ્ટન્ટ કમિશનર (ટેક્સ)ના માર્ગદર્શન હેઠળ મિલકતવેરા શાખાના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

### શ્રાવણના અંતિમ

(પાના નં. ૩ થી આગળ)

મેપાભાઇ ઘેડ, પરબતભાઇ ડાંગર અને દાનાભાઇ બરાઇને રૂ.૧૦,૨૫૦ની રોકડ સાથે ઝડપ્યા હતા.

જામજોધપુર પોલીસે પાટણ ગામેથી ધનાભાઇ ઘોયલ, મનસુખભાઇ કુડેચા, વીપુલભાઇ વાઘેલા અને મગનભાઇ ઘોયલને રૂ.૧૫,૪૬૦ની રોકડ સાથે પકડ્યા હતા. આ સિવાય કોટડા બાવીસી ગામેથી કેવીનભાઇ કંટારીયા, પરાગભાઇ નગરીયા, અજયભાઇ પંચાસરા, બ્રીજેશભાઇ દેલવાડીયા અને યોગેશકુમાર નગરીયાને રૂ.૧૦,૫૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

સિટી એ ડિવિઝન પોલીસે દિ.પ્લોટ-૪૯માં દરોડો પાડી દિલીપસિંહ પઢીયાર, મહિપતસિંહ પઢીયાર, દિપસિંહ રાઠોડ, કાનજીભાઇ ખાનીયા, નયનભાઇ ખાનીયા, હર્ષલભાઇ ભદ્રા, રમેશભાઇ, મોહનભાઇ ખાનીયા, કિરીટભાઇ લખતરીયા અને મનિષભાઇ ગોંડલીયા નામના ૧૦ શખ્સોને રૂ.૧૦,૪૭૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

### પત્રક જાહેર

(પાના નં. ૩ થી આગળ)

નં. ૨ તથા બિનખેતી ટીકા નં. ૧/૩ સર્વે નંબર ૩૦૨ થી ૬૫૭ તથા ૨૦૧ થી ૩૦૦ આ તમામ મહેસૂલી તલાટીશ્રીઓ મામલતદાર કચેરી, જામનગર શહેર ખાતે કચેરીના કામકાજના તમામ દિવસો દરમિયાન ફરજ બજાવશે. તેમ મામલતદારશ્રી જામનગર શહેરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### 'નવી દિલ્હી ઘોષણા'

(પાના નં. ૧ થી આગળ)

સમક્ષ કર્યું હતું. સમિટ દરમિયાન વિવિધ દેશોના નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય બેઠકો યોજાઈ હતી, જ્યારે રવિવારે કઝાકિસ્તાન, ફિલિપાઇન્સ, ઇજિપ્ત અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રાધ્યક્ષો સાથે પીએમ મોદીની મહત્વપૂર્ણ મુલાકાતો યોજાશે.

### ગાંધીનગર અને સચિવાલય

(પાના નં. ૧ થી આગળ)

આરોપીએ માત્ર ગાંધીનગર જ નહીં, પરંતુ BRICS સંમેલન દરમિયાન અન્ય વિદેશી દેશો તથા ભારતને સહકાર આપતા દેશોને પણ બોમ્બની ધમકીઓ આપી હતી. એક જ વ્યક્તિ દ્વારા વૈશ્વિક સ્તરે અને વિવિધ દેશોમાં ધમકી આપવાનું સામે આવતા આ મામલો અત્યંત ગંભીર બન્યો છે. આરોપીની ધરપકડ બાદ હવે સુરક્ષા એજન્સીઓ અને પોલીસ દ્વારા તેની ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવી રહી છે. તેણે આ ધમકીઓ કયા માધ્યમથી અને કયા હેતુસર આપી હતી, તેમજ આ પાછળ અન્ય કોઈ આંતરરાષ્ટ્રીય ષડયંત્ર કે અન્ય શખ્સો સંકળાયેલા છે કે કેમ તે દિશામાં તપાસ લંબાવવામાં આવી છે. ગાંધીનગર સચિવાલય અને અન્ય દેશો વચ્ચેની ધમકીઓની કડીઓ જોડીને તપાસ એજન્સીઓ આગળની કાયદેસરની કાર્યવાહી કરી રહી છે.

### મુખ્યમંત્રી પાટનગર

(પાના નં. ૧ થી આગળ)

તેમણે ઉમેર્યું કે ગુજરાતની સુદૃઢ નાણાકીય વ્યવસ્થાના કારણે ગાંધીનગર કે રાજ્યના કોઈપણ વિકાસકાર્ય માટે નાણાંની અછત નહીં રહેવા દેવાય. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રીના ભ્રષ્ટાચાર સામેના કડક વલણની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગર એક સમયે માત્ર સચિવાલય પૂરતું મર્યાદિત હતું. જ્યારે આજે શિક્ષણ, ઉદ્યોગ, GIFT City અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધમધમતું મોડર્ન શહેર બન્યું છે. ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ અને ધારાસભ્ય રીટાબેન પટેલે પાટનગરના વિકાસ માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન તથા સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### રાષ્ટ્રીય લોક અદાલત

(પાના નં. ૧ થી આગળ)

અદાલતમાં કુલ રૂ. ૧૧,૬૭,૫૫,૦૪૯ (રૂપિયા ૧૧ કરોડ ૬૭ લાખ ૫૫ હજાર ૪૯) ની માતબર રકમનું સેટલમેન્ટ થતાં બંને પક્ષકારોની જીત સાથે વર્ષો જૂની કડવાશનો સુખદ અંત આવ્યો હતો.

### વરસાદી માહોલ

(પાના નં. ૧ થી આગળ)

ન હતા તેમજ સ્થાનિક નદી, નાળાઓમાં પણ પુર આવ્યા ન હતા. પરંતુ દોઢ કલાક સુધી પડેલા ધીમીધારે વરસાદને લઇ મગફળી સહિતના પાકને જીવનદાન મળ્યું છે. આથી ખેડૂતોને પણ ચિંતા હળવી થઈ સાથે જ આગામી દિવસોમાં સારા વરસાદની આશા પણ જીવંત બની છે.

### દીપડાની લટાર

(પાના નં. ૧ થી આગળ)

ગામના સીમ વિસ્તારમાં દીપડાની હાજરીના પગલે વન વિભાગ પણ સતર્ક બન્યું છે. વિભાગ દ્વારા ગોરીંજા, વાચ્છુ સહિત આસપાસના ગામોના લોકોને ખાસ કરીને રાત્રિના સમયે સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. વન વિભાગે ગ્રામજનોને રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા તેમજ જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળવા અપીલ કરી છે. સાથે જ દીપડો નજરે પડે તો તેની નજીક જવાનો કે તેને પજવવાનો પ્રયાસ ન કરી તાત્કાલિક વન વિભાગને જાણ કરવા જણાવાયું છે. દીપડાની અચાનક જોવા મળેલી હિલચાલને પગલે ગોરીંજા-વાચ્છુ પંથકના ગ્રામજનોમાં હાલ ભય સાથે સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### નવજાત શિશુ મૃત હાલત

(પાના નં. ૧ થી આગળ)

ત્યજીને પલાયન થઈ ગઈ હોવાનું સામે આવ્યું છે, જેને પગલે પોલીસે મૃતદેહને કબજે કરી પંચનામું કર્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ ગુનો નોંધી ત્યજી જનાર મહિલાની શોધખોળ શરૂ કરી છે.

## મોરકંડા પાટીયા પાસે ગોઝારો અકસ્માતઃ બેકાબુ ટ્રકની ઠોકરે ઘવાયેલ સાઈકલ સવાર વૃદ્ધનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મોરકંડા ગામે મહાદેવ પાર્ક મેઇન રોડ પર રહેતા રમેશભાઇ સામજીભાઇ ચાવડા (ઉ.વ.૬૩) તા.૦૮/૦૯ ના રાત્રીના આઠ વાગ્યાના અરસામાં મોરકંડા પાટીયા પાસેથી પોતાની સાઇકલ લઇને પસાર થઈ રહ્યા હતા આ વેળાએ અજાણ્યા ટ્રકના ચાલકે બેફામ સ્પીડે ટ્રક ચલાવી સાયકલને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. ટ્રક નીચે આવી જતા રમેશભાઇને શરીરે ગંભીર ઇજાઓ પહોંચતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જે મામલે મૃતકના ભાઈ જગદીશભાઇની ફરિયાદના આધારે પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ સિવાઈ અપમૃત્યુના અન્ય એક કેસની વિગત અનુસાર તા.૧૦/૦૯ ના સાંજે એસ.ટી.બસ સ્ટેશન ખાતે અજાણ્યો વૃદ્ધ બેભાન અવસ્થામાં મળ્યા બાદ તેને સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેનું મોત થતાં પોલીસે વાલી વારસદારની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં પર્યુષણ સંદર્ભે મહાવીર જયંતિની ઉજવણી






તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં જૈનોના ચાલી રહેલા પર્યુષણ પર્વના પાંચમા દિવસે ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકની ઉજવણી પહેલા માતા ત્રિશલા દેવીને આવેલા ૧૪ અલૌકિક સપનાઓનું વાંચન સહિતના આયોજનો કરવામાં આવ્યા હતા. શ્રાવણ વદ બારસ એટલે કે, તા.૮ સપ્ટેમ્બરથી આરંભ થયેલા પર્યુષણ પર્વની પુર્ણાહુતિ ભાદરવા સુદ ચોથ એટલે કે, તા. ૧૫ ના મંગળવારે સંવત્સરી તરીકે થશે. આ દિવસો દરમિયાન શહેરના ચાંદી બજાર સ્થિત શેઠજી દેરાસર, ચોરીવાળા દેરાસર સમુહ, કામદાર કોલોની, ઓશવાળ કોલોની, પટેલ કોલોની, પેલેસ રોડ દેરાસરોને શણગારવામાં આવ્યા છે. શહેરમાં ચાતુર્માસ માટે બિરાજતા આચાર્ય મેઘદર્શન સુરીશરજી દ્વારા જ્યોતિ-વિનોદ ઉપાશ્રય, જીપીઓ સામે ખાતે તેમજ વિવિધ તમામ ઉપાશ્રયોમાં બિરાજતા મુનિ મહારાજો, સાધ્વીજીઓની નિશ્રામાં દૈનિક વાંચન, પ્રવચન પ્રવૃત્તિ બાદ સાંજે ૭ વાગ્યાના અરસામાં સમુહ પ્રતિક્રમણ થાય છે.

## જામનગર શહેર-જિલ્લામાં શ્રાવણના અંતિમ દિવસે જુગારના ૧૧ દરોડાઃ ૩૩ મહિલાઓ સહિત ૬૪ પકડાયા

### પોલીસે રૂ.૧.૮૪ લાખની રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ.૨.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં શ્રાવણ માસના અંતિમ દિવસે પોલીસે જુગાર સંબંધિત ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૩૩ મહિલાઓ સહિત ૬૪ શખ્સોની અટકાયત કરી રૂ.૧.૮૪ લાખની રોકડ સહિત કુલ રૂ.૨.૧૪ લાખની કિંમતનો મુદ્દામાલ ઝડપી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સિટી એ ડિવિઝન પોલીસે મોરકંડા રોડ પર સનસિટી-૧ માં જાહેરમાં જુગાર રમતા રાજેશભાઇ વીઠ્ઠલાણી, નયનાબેન રાઠોડ, સુનિતાબેન નાખવા, સલમાબેન ધોધા અને ડીમ્પલબેન ગઢીયા નામના પાંચ શખ્સોને રૂ.૧૧,૨૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

સિટી સી ડિવિઝન પોલીસે અયોધ્યાનગરમાં જુગાર રમતી અર્ચનાબેન ગોસ્વામી, કાજલબેન ગોસ્વામી, પુજાબેન ગોસ્વામી, ગૌરીબેન ગોસ્વામી, હંસાબેન ગોસ્વામી, હર્ષાબેન ગોસ્વામી, મંગળાબેન ગોસ્વામી, નયનાબેન રામાવત અને વર્ષાબેન ગોસ્વામી નામની નવ મહિલાઓને રૂ.૧૨,૦૭૦ની રોકડ સાથે ઝડપી પાડી હતી. આ ઉપરાંત, સરૂ સેક્શન રોડ પર સરલાબેન આવાસના પાર્કિંગમાંથી હિનાબા ગોહીલ, ભારતીબેન નાંગશ, મીનાબા ચુડાસમા, નીલમબા રાઠોડ અને પાયલબા ઝાલા નામની પાંચ મહિલાઓને રૂ.૧૮,૬૨૦ની રોકડ સાથે અટકાયતમાં લેવાઈ હતી.

સી ડિવિઝન પોલીસે શંકરટેકરીના રામનગરમાં દરોડો પાડી ઉમેદભાઇ ઝાલા, પીઠાભાઇ રવશી, સતુભા ઝાલા, સંજયભાઇ નંદા, ભવ્યભાઇ ધોકીયા અને ગોવિંદભાઇ પરમારને રૂ.૧૮,૧૭૦ની રોકડ સાથે પકડ્યા હતા. જ્યારે રાવલવાસમાંથી સેજાભાઇ ચારણ, પુંજાભાઇ ચારણ અને ઘનશ્યામસિંહ જાડેજાને રૂ.૧૦,૧૭૦ની રોકડ સાથે ઝડપી પાડ્યા હતા. તેમજ ભાગ્યોદય સોસાયટી શિવનગરમાંથી મુકેશપુરી ગોસ્વામી, અરવિંદભાઇ વાઢેર, ધવલભાઇ ગોસાઇ, ભાવેશભાઇ ડાભી, વિપુલભાઇ દાણીધારીયા, હરદિપભાઇ ગોસાઇ અને રાહુલપુરી ગોસ્વામીને રૂ.૭૦,૨૦૦ની રોકડ અને સાત મોબાઈલ મળી કુલ રૂ.૧,૦૦,૭૦૦ના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

શેઠવડાળા પોલીસે ધ્રાફા ગામે એક સ્થળેથી લખીબેન પાટડીયા, કિરણબેન સીતાપરા, અનીતાબેન કનેજા, ભાવનાબેન પાટડીયા, સોનલબેન પાટડીયા, સવીતાબેન સીતાપરા, ચેતનાબેન પાટડીયા અને કાજલબેન સીતાપરા નામની આઠ મહિલાઓને રૂ.૪,૧૩૦ની રોકડ સાથે તથા બીજા સ્થળેથી જયાબેન સીતાપરા, જયશ્રીબેન સીતાપરા, કાશ્મીરાબેન પાટડીયા, ગ્રીષ્માબેન પાટડીયા, જશુબેન પાટડીયા, પુષ્પાબેન પાટડીયા અને હેતલબેન રાઠોડ નામની સાત મહિલાઓને રૂ.૩,૨૬૦ની રોકડ સાથે પકડી હતી. જ્યારે કડબાલ ગામેથી પ્રવિણભાઇ વિંઝુડા, હસમુખભાઇ બરાઇ,

અનુ પાના નં.૨ પર

## દ્વારકા જિલ્લામાં જુગારની પ્રવૃત્તિ સામે પોલીસનો મોડી રાત્રે સપાટોઃ ૪ સ્થળે દરોડામાં ૨૬ જુગારીઓ ઝડપાયા

### કલ્યાણપુર, ખંભાળિયા અને ભાણવડ પંથકમાંથી રૂ.૯૮,૯૧૦ની રોકડ, મોબાઈલ અને મોટરસાઈકલ સહિત રૂ.૧.૮૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુગારની પ્રવૃત્તિ સામે પોલીસે મોડી રાત્રે સપાટો બોલાવી કલ્યાણપુર, ખંભાળિયા અને ભાણવડ પંથકમાં ચાર અલગ-અલગ સ્થળે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં કુલ ૨૬ શખ્સોને ઝડપી પાડી તેમની પાસેથી રૂ.૯૮,૯૧૦ની રોકડ સહિત મોબાઈલ ફોન, મોટરસાઇકલ તથા જુગારનું સાહિત્ય મળી કુલ રૂ.૧,૮૦,૪૧૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

કલ્યાણપુર તાલુકાના નગડીયા ગામના વાડી વિસ્તારમાં આવેલા મામાદેવના મંદિરના ઓટલા પર રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા પ્રવિણભાઈ લુગરીયા, માલદેભાઈ ગોરાણીયા, લીલાભાઈ મોઢવાડીયા, નિર્મલભાઈ અમર અને વજશીભાઈ મોઢવાડીયા મળી પાંચ શખ્સોને રૂ.૧૨,૨૫૦ની રોકડ તથા ૫૨ ગંજીપત્તાના પાના સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

ખંભાળિયા તાલુકાના ખજુરિયા ગામની ઉવારીવાળી વાડી વિસ્તારમાં રાત્રિના સમયે દરોડો પાડી ગંજીપત્તાથી તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા રામભાઈ ચંદ્રાવડીયા, હેભાભાઈ ચંદ્રાવડીયા, વેજાણંદભાઈ ચંદ્રાવડીયા, રામભાઈ ચંદ્રાવડીયા, દેવશીભાઈ ચંદ્રાવડીયા તથા વજશીભાઈ ગોજીયા મળી છ શખ્સોને ઝડપી લઇ, રૂ.૨૦,૩૩૦ની રોકડ અને ગંજીપત્તાના પાના કબજે કરી જુગારધારા હેઠળ કાર્યવાહી કરાઈ હતી. ખંભાળિયા તાલુકાના સીમાણી કાલાવડ ગામમાં વાછરાદાદાના મંદિર પાસેના ચોકમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી મહેન્દ્રસિંહ ચુડાસમા, સિદ્ધરાજસિંહ ચુડાસમા, અશોકભાઈ ગોસ્વામી, સિદ્ધરાજસિંહ જાડેજા, નિરૂભા જાડેજા, સુખદેવસિંહ ચુડાસમા, વિજયસિંહ જાડેજા, જયમલજી જાડેજા અને પ્રદીપસિંહ ચુડાસમા મળી નવ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે અહીંથી રૂ.૩૫,૧૩૦ની રોકડ તથા રૂ.૩૬ હજારની કિંમતના સાત મોબાઈલ મળી કુલ રૂ.૭૧,૧૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ભાણવડ તાલુકાના રૂપામોરા ગામમાં એક શાળાની પાછળ ચાલતા જુગારધામ પર રાત્રિના સમયે દરોડો પાડવામાં આવ્યો હતો. અરજણભાઈ કારેણા પોતાના આર્થિક ફાયદા માટે માણસોને એકત્ર કરી નાલ ઉઘરાવી જુગાર રમાડતા હોવાનું સામે આવ્યું હતું. આ દરોડામાં અરજણભાઈ કારેણા ઉપરાંત માલદેભાઈ પીપરોતર, ડાયાભાઈ ગોહેલ, જીતુભાઈ પીપરોતર, ભીમાભાઈ પીપરોતર અને કરશનભાઈ પીપરોતર મળી કુલ છ શખ્સો ઝડપાયા હતા. પોલીસે અહીંથી રૂ.૩૧,૨૦૦ રોકડા, રૂ.૨૫,૫૦૦ની કિંમતના છ મોબાઈલ ફોન તથા રૂ.૨૦ હજારની મોટરસાઇકલ મળી કુલ રૂ.૭૬,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## જામનગરમાં રેડક્રોસ ભવન માટે સરકારે ફાળવી જમીન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તા.૧૨: સમગ્ર ગુજરાતમાં રેડક્રોસ સોસાયટીને સરકારી જમીન ઉપલબ્ધ થાય એ માટે રેડક્રોસ ગુજરાત રાજય શાખાના ચેરમેન અજયભાઈ પટેલે સરકાર સમક્ષ સતત રજુઆત કરી છે. તે મુજબ રાજ્યના જામનગર જિલ્લામાં માનવસેવા અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જામનગર શાખાને તેની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વિસ્તૃત અને સુદઢ બનાવવા માટે મહત્વપૂર્ણ ભેટ મળી છે.

જામનગર જિલ્લા કલેક્ટરશ્રી તથા રેડક્રોસ જામનગર જિલ્લા પ્રમુખ શ્રી પરિમલભાઈ પંડ્યાના માર્ગદર્શન, પ્રયાસો અને સહયોગથી રેડક્રોસ જામનગર શાખાને બિલ્ડિંગના નિર્માણ માટે ૧૩૫૮ ચોરસ મીટર એટલે કે આશરે ૧૪,૬૧૨ ચોરસ ફૂટ જમીન ફાળવવામાં આવી છે. જામનગર જિલ્લા શાખા ગુજરાત રાજ્યમાં જિલ્લા કક્ષાએ જમીન મેળવનાર પ્રથમ શાખા છે.

આ જમીન પર ભવિષ્યમાં રેડક્રોસની વિવિધ માનવસેવા અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ માટે સુવિધાસભર અને વ્યવસ્થિત બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવશે. નવી માળખાકીય સુવિધા ઉપલબ્ધ થતાં રેડક્રોસની સેવાઓને વધુ વ્યાપક સ્તરે લઈ જવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જામનગર શાખા દ્વારા વર્ષોથી જરૂરિયાતમંદો અને નાગરિકોની સેવા માટે વિવિધ આરોગ્યલક્ષી, માનવતાવાદી અને જનજાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.



તસવીરઃ હિરેન ગાંધી

આ ઉપરાંત આગામી સમયમાં બ્લડ બેંક શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં વિના મૂલ્યે બ્લડ ઉપલબ્ધ થશે. ઉપરાંત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેનિંગ, ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ માટેના કલાસ રૂમ, તબીબી સારવાર માટે ક્લિનિક બનાવવાનુ પણ આયોજન છે. નવી જમીન મળવાથી આવી સેવાઓ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવાની તથા જામનગર શહેર અને જિલ્લાના વધુમાં વધુ નાગરિકો સુધી સેવાઓ પહોંચાડવાની તકો વધુ વિસ્તરશે. રેડક્રોસ જામનગર શાખાના પદાધિકારીઓના જણાવ્યા મુજબ, આ જમીન માત્ર બિલ્ડિંગના નિર્માણ માટે મળેલી જગ્યા નથી, પરંતુ આગામી સમયમાં વધુ સુવ્યવસ્થિત અને વ્યાપક માનવસેવા માટેનો મજબૂત આધાર છે.

## જામનગરમાં કરોડોનો ખર્ચ છતા એક વર્ષમાં ભુગર્ભ ગટરને લગતી ૯૩ હજાર ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સુધીમાં ભુર્ગભ ગટરની કુલ ૯૨,૮૬૬ ફરીયાદો નોંધાઈ હતી. મહાનગરપાલિકા દ્વારા આ સમસ્યાના કાયમી અથવા ઝડપી ઉકેલ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો હોવા છતા શહેરીજનોને ઉભરાતી ગટરો અને દુર્ગંધમાંથી હજુ સુધી સંપુર્ણપણે મુક્તિ મળી રહી નથી. છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન જામનગરમાં ભૂરગર્ભ ગટરને લગતી કુલ ૯૨,૮૬૬ ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

મહાનગરપાલિકાના જુલાઇ-૨૦૨૬ના પુરા થતા વર્ષ દરમિયાન નોંધાયેલા આંકડાઓ પર નજર કરીએ તો મનપાને દરરોજ સરેરાશ ૨૫૫થી પણ વધુ ફરિયાદો માત્ર ભૂગર્ભ ગટર લાઈન બ્લોક થવાની કે ઉભરાવાની મળે છે. બીજી બાજુ તંત્ર દ્વારા આ ફરિયાદોનો નિકાલ પણ 'ડેટુ ડે' અથવા તો પ્રાયોરિટી (પ્રાથમિકતા)ના ધોરણે કરવા માટે કવાયત કરવામાં આવતી હોવાનો દાવો કરવામાં આવે છે.

મનપા દ્વારા ગટરની ફરિયાદોના ત્વરિત ચોપડે ગત નિકાલ માટે શહેરના તમામ ૧૬ વોર્ડને આવ્યા છે અને તેના માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ આવરી લેતા જુદા જુદા ૪ ઝોન પાડવામાં પણ આપવામાં આવ્યો છે. શહેરના ચાર ઝોન વાઇઝ સ્થિતિ જોઈએ તો વોર્ડ નં. ૧૩ થી ૧૬ને આવરી લેતા સાઉથ ઝોનમાં ગત વર્ષે સૌથી વધુ ૩૧,૦૩૯ ફરિયાદો નોંધાઈ હતી. આ વિસ્તારમાં સંભવત ગટર લાઈન પરનું ભારણ અને બ્લોકેજની સમસ્યા સૌથી વિક્ટ છે.

ઝોનમાં સૌથી ઓછી ૧૫,૨૯૭ ફરિયાદો જયારે માત્ર ત્રણ વોર્ડ ધરાવતા વેસ્ટ મળી હતી.જયારે નોર્થ ઝોનમાં ૨૦,૭૦૦ અને ઈસ્ટ ઝોનમાં ૨૫,૮૩૦ ફરીયાદો ગત જુલાઇના પુરા થતા વર્ષ દરમિયાન નોંધાઈ હતી. મનપા દ્વારા ગત વર્ષે ભૂગર્ભ ગટરની જાળવણી અને ફરિયાદોના નિકાલ પાછળ અંદાજિત રૂપિયા ૫ કરોડ જેટલો માતબર ખર્ચ કરવામાં આવે છે. આટલી મોટી રકમ કોન્ટ્રાક્ટરો અને કામગીરી પાછળ ખર્ચાતી હોવા છતાં પણ નાગરિકો માટે મહદઅંશે હજુ રોજિંદી યાતનાઓ યથાવત રહી છે.

## જામનગરના સંગમબાગના સાધનો રીપેર કરાવવા ડીએમસીની તાકિદ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

નાયબ મ્યુનિસિપલ કમિશનર ડી. એ. ઝાલા દ્વારા અધિકારીઓને સાથે રાખી શહેરના સંગમ બાગની રૂબરૂ મુલાકાત લેવામાં આવી. આ દરમિયાન બગીચાની સુંદરતા અને હરિયાળી જાળવવા તેમજ બાળકોના રમતના સાધનોનું સત્વરે સમારકામ કરવા સંબંધિત વિભાગને જરૂરી સૂચનાઓ અપાઈ હતી.

આ ઉપરાંત ગાર્ડનની સુવિધાઓને વધુ બહેતર બનાવવા માટે સ્થળ પર ઉપસ્થિત નાગરિકો સાથે સીધો સંવાદ સાધી તેમના પ્રતિભાવો પણ જાણવામાં આવ્યા હતા. આ સાથે જ, જડેશ્વર ચોકડી ખાતે સઘન નિરીક્ષણ કરી સ્થાનિક વેપારીઓ અને ફેરિયાઓને આસપાસના વિસ્તારમાં ગંદકી ન કરવા અને સંપૂર્ણ સ્વચ્છતા જાળવવા કડક તાકીદ કરવામાં આવી. તેમજ સંબંધિત ઝોનલ અધિકારીઓ અને સેનિટરી ઇન્સ્પેક્ટરોને શહેરમાં કચરો એકઠો થતો હોય તેવા સ્થળોને ઓળખી યોગ્ય આયોજન સાથે કામગીરી કરવા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## મહેસુલી તલાટીઓ માટે નવુ સમય પત્રક જાહેર

**સમય સંદેશઃ જામનગર**

પ્રાંત અધિકારીશ્રી જામનગર શહેરની કચેરી દ્વારા મહેસૂલી તલાટીઓની સેજા/ટીકા મુજબની ફરજ તથા કચેરી ખાતે હાજરીનું સમયપત્રક અંગે હુકમ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થાનો હેતુ જામનગર શહેરમાં આવતા સેજા/ટીકાના કામકાજનું સુચારૂ સંચાલન તથા અરજદારોને સંબંધિત મહેસૂલી તલાટીશ્રીની સેવા સરળતાથી મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

જામનગર શહેરમાં આવતા સેજા/ટીકામાં ફરજ બજાવતા મહેસૂલી તલાટીઓના ફરજના દિવસો અને બેસવાનું સ્થળ નક્કી કરવામાં આવ્યું છે. નક્કી કરાયેલા સમયપત્રક મુજબ સંબંધિત મહેસૂલી તલાટીઓ મામલતદાર કચેરી, જામનગર શહેર ખાતે કચેરી કામકાજના તમામ દિવસોમાં હેડ ક્વાર્ટર ખાતે હાજર રહી ફરજ બજાવશે.

મહેસૂલી તલાટીઓની વિગતો જેમાં વિજય મુળજી વાઘ મો. ૭૦૯૬૭૦૩૫૮૫, બિનખેતી ટીકા નં. ૩/એ/૬ સર્વે નંબર ૯૫૮ થી ૧૨૫૭, નયપાલસિંહ કરણસિંહ જાડેજા મો. ૯૫૯૩૨૮૮૮૮૮ બિનખેતી ટીકા નં. ૩/બી/૭, સર્વે નંબર ૬૫૮ થી ૯૫૭, ક્રિષ્ના અજીતભાઈ સુરુ મો. ૭૯૮૪૨૨૨૫૦૪ બિનખેતી ટીકા નં. ૪/૮સર્વે નંબર ૧૨૫૮ થી ૧૫૩૦, નરેન્દ્રસિંહ અલ્કેશજી વાઘેલા મો.૮૪૬૯૫૯૫૯૫૬ બિનખેતી ટીકા નં. ૪/૫ તથા ખેતી ટીકા નં.૪ સર્વે નંબર ૩૦૧ થી ૪૦૦ તથા ૧૨૫૯ થી ૧૫૩૦, કિશનભાઈ મુકેશભાઈ કારેલિયા મો. ૯૫૭૪૩૬૫૫૭૮ બિનખેતી ટીકા નં. ૧/૨ સર્વે નંબર ૧૦૧ થી ૨૦૦, સાગરકુમાર રાજેન્દ્રભાઈ ત્રિવેદી મો.૯૪૨૮૧૯૧૦૦૪, બિનખેતી ટીકા નં. ૧/૧ સર્વે નંબર ૧ થી ૧૦૦તથા નવાગામ ઘેડ, સોનલબા નરહરદાન ગઢવી મો. ૭૯૮૪૧૭૨૨૯ બિનખેતી ટીકા નં. ૪/૫/૨, સર્વે નંબર ૪૦૧ થી ૬૫૭, ચાંદની નરેનભાઈ હિરાણી મો.૭૩૫૯૯૫૯૯૩૫ ખેતી ટીકા નં. ૩(બી) સર્વે નંબર ૬૫૮ થી ૯૫૭, કરણ જગદીશકુમાર જાગિયાણી મો.૯૬૦૧૩૧૩૭૮૯, ખેતી ટીકા નં. ૧ સર્વે નંબર ૧ થી ૩૦૧ તથા બેડી, પ્રિયંકાબા પ્રદીપસિંહ સોઢા મો.૯૮૯૮૯૨૫૧૭૫ ખેતી ટીકા નં. ૩-એ સર્વે નંબર ૯૫૮ થી ૧૨૫૮, દિલીપ વિનુભાઈ વીરડા મો.૮૦૦૦૦૮૮૫૫૮ખેતી ટીકા

અનુ પાના નં.૨ પર

## નાવદ્રાના યુવાનને હૃદયરોગનો ઘાતક હુમલો

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામે રહેતા હેમતભાઈ મેરામણભાઈ રાઠોડ નામના ૩૭ વર્ષના યુવાનને છાતીમાં દુખાવો ઉપડતા તેમને સ્થાનિક ખાનગી હોસ્પિટલમાંથી વધુ સારવાર કલ્યાણપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને હૃદયરોગનો હુમલો આવી જવાથી મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું. આ અંગેની જાણ મોહનભાઈ અમરાભાઈ રાઠોડએ કલ્યાણપુર પોલીસને કરી છે.

## શ્રાવણી અમાસે શિવમંદિરોમાં વિવિધ શ્રીગાર દર્શન અને મહાઆરતી સહિતના કાર્યક્રમ યોજાયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં શ્રાવણ માસના અંતિમ દિવસે વહેલી પરોઢથી મોડી રાત્રી સુધી શિવ મંદિરોમાં ભાવિકો દર્શનાર્થે ઉમટયા હતા. તેમજ શિવ મંદિરોમાં રૂદ્રી, વિવિધ અભિષેક, મહાઆરતી અને વિશિષ્ટ દર્શનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રાવણી અમાસ નિમિત્તે શહેરના પૌરાણિક એવા નાગેશ્વર કોલોની પછી નાગમતી નદી કાંઠાના સિધ્ધનાથ અને નાગેશ્વર મહાદેવ, ટાઉનહોલ પાસેના ભીડ ભંજન અને નિલકંઠ મહાદેવ, પંચેશ્વર ટાવર પાસેના પંચેશ્વર, ગૌરીશંકર મહાદેવ, હવાઈ ચોક નજીકના હાટેશ્વર, વૈદ્યનાથ મહાદેવ મંદિર સહિતના સંખ્યાબંધ શિવ મંદિરોમાં વહેલી સવારથી શિવભક્ત બિલ્વાભિષેક, જલાભિષેક કરીને ભાઈઓ-બહેનોએ દુગ્ધાભિષેક, શિવજીને પુજ્યા હતા. બપોરે મંદિરોમાં થાળ ધરાયા હતા અને સાંજે મહાઆરતીના સમયે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટયા હતા. મંદિરોમાં દર્શન માટે કતારો તો વહેલી સવારથી સર્જાઈ હતી. સાંજ પછી દર્શનાર્થીઓ આવવા લાગ્યા હતા.

# સમગ્ર ગુજરાત સહિત જામનગરમાં ગણેશ મહોત્સવની તૈયારીઓ પૂરજોશમાં

## દગડુંશેઠ ગણપતિ મંડળ દ્વારા ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ અને રાષ્ટ્રીય થીમ આધારિત આયોજનઃ સોમવારથી દુંદાળા દેવનું આગમન થશેઃ ગણેશજીની મૂર્તિઓના પર્યાવરણ અનુકૂળ વિસર્જન માટે મહાનગરપાલિકા દ્વારા બે વિશાળ કૃત્રિમ કુંડ તૈયાર કરાશે






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં શ્રાવણ માસની પૂર્ણાહુતિ બાદ હવે વિઘ્નહર્તા ગણેશજીના ઉત્સવને આવકારવા શ્રદ્ધાળુઓ અને મંડળોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરમાં અનેક સ્થળોએ સાર્વજનિક ગણેશ મહોત્સવ માટે પંડાલ નિર્માણ સહિતની તૈયારીઓ આખરી ઓપ લઈ રહી છે અને સોમવારથી ઢોલ-નગારાના તાલ સાથે દુંદાળા દેવની પધરામણી થશે.

શહેરમાં શ્રી દગડુંશેઠ ગણપતિ મહોત્સવ પોતાના ૩૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યો છે. એઈટ વન્ડર્સ ગ્રુપ દ્વારા તા. ૧૪ થી ૨૫ સપ્ટેમ્બર સુધી આયોજિત આ મહોત્સવમાં ગોપી ચંદન, કાળી, લાલ અને સફેદ માટી તેમજ પૂઠાં, વાંસ અને કંતાન જેવી સંપૂર્ણ પ્રદૂષણ રહિત સામગ્રીમાંથી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ તૈયાર કરવામાં આવી છે. આ વર્ષે રાષ્ટ્ર ધ્વજ, કમળ, વાઘ,

અનુ પાના નં.૨ પર

# હાપા રેલવે સ્ટેશન ઉપર વીજ થાંભલા પરથી પટકાતાં તેલંગાણાની મહિલાનું નિપજ્યું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના હાપા રેલવે સ્ટેશન પર ગઈકાલે સાંજે એક અચાનક બનેલા બનાવમાં દ્વારકા દર્શન માટે તેલંગાણાથી આવેલી ૫૫ વર્ષીય મહિલાનું વીજ થાંભલા પરથી નીચે પટકાઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મળતી વિગતો મુજબ તેલંગાણાથી ત્રણ મહિલાઓ દ્વારકા દર્શન માટે આવી હતી. દ્વારકાથી પરત ફર્યા બાદ તેઓ ટ્રેન મારફતે હાપા રેલવે સ્ટેશન પહોંચ્યા હતા અને પોતાના વતન જવા માટેની ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા.

આ દરમિયાન ચીરલા રેણુકમ્મા નામના ૫૫ વર્ષીય મહિલાએ અચાનક માનસિક સંતુલન ગુમાવ્યું હતું. દ્વારકાથી હાપા સુધીની મુસાફરી દરમિયાન પણ તેઓ ટ્રેનમાંથી કૂદી જવાની વાત કરતા હોવાથી સાથેની બંને મહિલાઓએ તેમને




તસવીરઃ હિરેન ગાંધી

પકડી રાખી બચાવ્યા હતા. હાપા રેલવે સ્ટેશન પહોંચ્યા બાદ સાથેની મહિલાઓએ રેલવે પોલીસને જાણ કરતાં પોલીસની ટીમે બપોરે આશરે ત્રણ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મહિલાને પોતાની સાથે રાખી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. થોડો સમય મહિલા શાંત રહ્યા બાદ સાંજે સાત વાગ્યાના અરસામાં અચાનક દોડ મૂકી રેલવે સ્ટેશન નજીકના વીજ થાંભલા પર ચડી ગયા હતા.

મહિલા વીજ થાંભલા પર ઉપર સુધી ચડી જતાં રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક રેલવે પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવને પગલે આસપાસના લોકો પણ એકત્ર થઈ ગયા હતા અને મહિલાને નીચે ઉતારવાના પ્રયાસો હાથ ધરાયા હતા. રેલવે વિભાગ દ્વારા જામનગર

અનુ પાના નં.૨ પર

# ટ્રાવેલ્સની ઓફિસ બહાર પોલીસ ટીમ સાથે નશોબાજનો બખેડો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મિગ કોલોની વિસ્તારમાં ચેતક ટ્રાવેલ્સની ઓફિસ બહાર દારૂના નશામાં બખેડો કરી રહેલા શખ્સને પકડવા ગયેલી જનરક્ષકની ટીમ સાથે ઝપાઝપી અને ફડકાવાળી થઈ હોવાની ચોંકાવનારી ફરિયાદ સામે આવી છે.

બેફામ બનેલા શખ્સે કોન્સ્ટેબલને ફડકો મારી ગાળાગાળી કરી અને હુ અંહીથી છુટી જાવ પછી તને જોઇ લઈશ તેવી ધમકી આપતા આરોપી સામે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

શહેરના મિગ કોલોની નજીક મયુર મેડિકલ સામે ચેતક ટ્રાવેલ્સની ઓફિસ બહાર તા.૧૦ ની રાત્રે આરોપી સંજય પરશોતમભાઇ આયલાણી (ઉ.વ.-૩૮ ધંધો વેપાર રહે- ખોડીયાર કોલોની ન્યુ આરામ કોલોની શેરી નં.-૦૬) દારૂ પીધેલી હાલતમાં ગાળો બોલી ઝઘડો કરતો હોવાની જાણ થતા કોન્સ્ટેબલ કૌશલભાઈ કિશોરભાઈ સુદાણી સહિતની જનરક્ષક ટીમ પહોંચી હતી. આ દરમિયાન પોલીસની ગાડી જોતા જ શખ્સ ભાગવા લાગતાં ટીમે તેનો પીછો કરી પકડી પાડ્યો હતો. આ વેળાએ પકડાયેલા શખ્સે પોલીસ સાથે જ ગાળાગાળી અને ઝપાઝપી શરૂ કરી કોન્સ્ટેબલને થપ્પડ મારી દેતા અફરાતફરી જેવો મામલો સર્જાયો હતો. આરોપીને વાહનમાં બેસવાનું કહેતા આરોપી બેસતો ન હોવાથી સ્ટાફે બળવાપરી આરોપીને ગાડીમાં બેસાડી પોલીસે લઈ ગયા હતા.

જ્યાં કાયદેસરની કાર્યવાહી દરમિયાન આરોપી સંજયે પોલીસ કોન્સ્ટેબલને ધમકી આપતા કહ્યું કે હું અહીંથી છૂટી જઈશ પછી તને જોઈ લઈશ તેવી ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. સમગ્ર મામલે કોન્સ્ટેબલ કૌશલભાઈ સુદાણીની ફરિયાદ પરથી આરોપી સંજય વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

# ૧૭ વર્ષીય કિશોરને કથિત પ્રેમપ્રકરણમાં મોતને ઘાટ ઉતારી દેવાયો

## જામનગરના દરેડની ગલીમાં નીકળવા મુદ્દે ઝઘડો, બે શખસે લોખંડની પાઇપ અને લાકડાનો ધોકો લઈ તૂટી પડ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર પાસે આવેલા દરેડ વિસ્તારમાં એક ૧૭ વર્ષના કિશોરની કથિત પ્રેમપ્રકરણમાં હત્યા થઈ છે. બે લોકોએ ધોકા અને પાઇપ જેવા હથિયારોથી હુમલો કરી તેને મારી નાખ્યો હતો. પંચકોશી 'બી' ડિવિઝન પોલીસે ગણતરીની કલાકોમાં જ બંને આરોપીઓને પકડી પાડ્યા છે.

દરેડમાં બસ સ્ટેન્ડ નજીક રહેતા ૧૭ વર્ષીય સાગર રમેશભાઈ ખરાને ઘર પાસેની ગલીમાં આવવા-જવા બાબતે બે યુવાનો સાથે ઝઘડો થયો હતો. બોલાચાલી વધતા બંને શખ્સોએ ગુસ્સે થઈ સાગર પર લાકડાના ધોકા અને લોખંડના પાઇપથી હુમલો કર્યો હતો.




તસવીરઃ હિરેન ગાંધી

ગંભીર રીતે ઘવાયેલા સાગરને તરત જ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ લઈ જવાયો હતો. જોકે, ત્યાં ફરજ પરના ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ પંચકોશી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પી.આઈ. વી. જે. રાઠોડની આગેવાનીમાં ઘટનાસ્થળે અને હોસ્પિટલે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને પરિવારજનોના નિવેદન લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસે આ વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસીને તપાસ ઝડપી બનાવી હતી. હત્યામાં સામેલ બંને આરોપીઓને પોલીસે પકડી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં ગલીમાં આવવા બાબતે થયેલી માથાકૂટ ઉપરાંત આ બનાવ પાછળ પ્રેમ પ્રકરણનો એંગલ હોવાની પણ ચર્ચા છે. આ અંગે પોલીસ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે.

# બાકી મિલ્કત વેરો વસુલવા ટેક્સ બ્રાન્ચની સઘન કાર્યવાહી

## ૨૦ મિલકતોની સ્થળ તપાસમાં ૭ મિલકતો સીલ, બે પાસેથી રૂ.૩.૭૩ લાખની સ્થળ પર વસૂલાતઃ ૧૧ મિલકતધારકોએ રૂ.૨૮.૩૪ લાખના ડેટેડ ચેક આપ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મિલકતવેરા શાખા દ્વારા બાકી મિલકતવેરાની વસૂલાત માટે હવે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તા.૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીનો મિલકતવેરો બાકી હોવા છતાં વોરંટ તથા અનુસૂચીની બજવણી બાદ પણ વેરો નહીં ભરનાર મિલકતધારકો સામે તા.૧૧ સપ્ટેમ્બરે એકસાથે ૨૦ મિલકતોની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં સાત મિલકતોને સીલ કરી રૂ.૧૩.૫૦ લાખની બાકી રકમ સામે કાર્યવાહી કરવામાં



તસવીરઃ હિરેન ગાંધી

આવી હતી.

આ ઉપરાંત બે મિલકતધારકો પાસેથી સ્થળ પર જ કુલ રૂ.૩.૭૩ લાખની બાકી રકમ વસૂલવામાં આવી હતી. જ્યારે અન્ય ૧૧ મિલકતધારકો પાસેથી કુલ રૂ.૨૮.૩૪ લાખના ડેટેડ ચેક મેળવી લેવામાં આવ્યા હતા. આમ, એક જ દિવસની કામગીરીમાં સીલિંગ ઉપરાંત સ્થળ પરની વસૂલાત અને ચેક મારફતે મળીને કુલ રૂ.૪૫.૫૫ લાખની બાકી રકમને આવરી લેવામાં આવી છે. મનપા દ્વારા આગામી

અનુ પાના નં.૨ પર




PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com